### વૈશ્વિક મંદી છતાં દેશમાં વિકાસનું અનુમાન સાત ટકા રહેવાનો અંદાજ

# ત્રણ કરોડના ટર્નઓવરવાળા લઘુ ઉદ્યોગોને કરમાં મુક્તિ

## સિનિયર સિટીઝનોની બચત યોજનાની સીમા ૧૫ લાખથી વધારી ૩૦ લાખ કરાઈ, મહિલાઓને ૨ લાખની બચત પર ૭ ટકા વ્યાજ

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રીએ કહ્યું કે, દેશની આઝાદીના સુવર્ણકાળનું આ પ્રથમ બજેટ છે. ખાસ કરીને યુવાનો અને તમામ વર્ગના લોકોને આર્થિક મજબૂતી આપવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. વિશ્વમાં મંદી હોવા છતાં, ચાલુ વર્ષનો વિકાસ અનુમાન ૭ ટકાની આસપાસ રહે તેવો અનુમાન છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા અત્યાર સુધીની જાહેરાતો

● ૩ કરોડના ટર્નઓવર વાળા લઘુ ઉદ્યોગોને કરમાંથી મુક્તિ ● કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવશે, રમકડા, સાયકલ, ઓટો મોબાઈલ, ટેલિવિઝન સસ્તા થશે. ● સિનિયર સિટીઝનોની બચત યોજનાની સીમા ૧૫ લાખથી વધારી ૩૦ લાખ કરાઈ. ● મહિલાઓને ૨ લાખની બચત પર ૭ ટકા વ્યાજ મળશે. ● ક્રેડિટ ગેરંટી એમએસએમઈ માટે એક સુધારણા યોજના આવશે, ૧ એપ્રિલ ૨૦૨૩થી ઉદ્યોગોને ૯૦૦૦ કરોડ રૂપિયા ક્રેડિટ તરીકે આપવામાં આવશે. ● જન-ધન યોજના હેઠળ બેંકમાં ખાતું ખોલવા જરૂરી કેવાયસીની પ્રક્રિયા વીડિયો કૉલ દ્વારા કરવામાં આવશે. ● સરકાર યુવાનો માટે કૌશલ્ય યુવા કેન્દ્રો બનાવવા પર ભાર મૂકશે અને ૩૦ સ્કીલ ઈન્ડિયા કેન્દ્રોની સ્થાપના કરશે. ● ઉર્જા સુરક્ષાના ક્ષેત્રમાં ૩૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ૨૦,૭૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. ● ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં શ્રેષ્ઠતા લાવવા માટે ત્રણ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે.● ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મિલેટ્સ ટૂંક સમયમાં તૈયાર કરવામાં આવશે. ● ભારત જ ૧૦૦ દ્વારા, દેશ વિશ્વભરમાં મજબૂત થશે. ગ્રામીણ મહિલાઓ માટે ૮૧ લાખ સ્વ-સહાય જૂથોને મદદ મળી છે, જેમાં વધુ વધારો કરવામાં આવશે. ● પીએમ વિશ્વ કર્મ કૌશલ સન્માન, હસ્તકલા અને વેપારમાં કામ કરતા લોકોએ કલા અને હસ્તકલામાં યોગદાન આપ્યું.જે આત્મનિર્ભર ભારત માટે એક મહત્વપૂર્ણ પગલું છે. ● દેશમાં ફાર્માસ્યુટિકલ્સને પ્રોત્સાહન આપવા માટે એક નવો ફાર્મા પ્રોગ્રામ બનાવવામાં આવશે. મેડિકલ કોલેજ માટે લેબની વ્યવસ્થા કરવામાં આવશે. મેડિકલ સાધનો બનાવવાના કોર્સ શરૂ કરવામાં આવશે. ● સપ્તર્ષિ યોજનાનો ઉલ્લેખ કરતા મોદી સરકારની મહત્વપૂર્ણ યોજનાનો પણ ઉલ્લેખ કર્યો. આ મુજબ- સમાવેશક વિકાસ- ખેડૂતો, મહિલાઓ, યુવાનો, ઓબીસી, એસસી, એસટી અને દિવ્યાંગજન અને આર્થિક રીતે પછાત લોકોને પ્રોત્સાહન આપવામાં આવશે. વંચિતોને પ્રાધાન્ય આપવામાં આવશે. ● પીએમ આવાસ યોજનાનું બજેટ ૬૬ ટકા વધારી ૭૯ હજાર કરોડ કરાયુ ● ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ ૩૩ ટકા વધારી ૧૦ લાખ કરોડ કરાયો ● કૃષિ ક્ષેત્રે ૨૦ લાખ કરોડ સુધીની લોન આપવાનું લક્ષ્ય ● ૨૦૨૪થી બનેલી વર્તમાન ૧૫૭ મેડિકલ કોલેજ સાથે કોલોકેશનમાં ૧૫૭ નવી નર્સિંગ કોલેજ સ્થાપવામાં આવશે. ● હવાઈ કનેક્ટિવિટી વધારવા માટે દેશમાં ૫૦ નવા ઍરપોર્ટ બનાવવાની જોગવાઈ ● કેવાયસી પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે અને સંપૂર્ણ રીતે ડિજિટાઈઝ કરવામાં આવશે. કોમન પોર્ટલ દ્વારા એક જ જગ્યાએ ડેટા જમા કરવામાં આવશે, જેથી વારંવાર ડેટા આપવાની જરૂર રહેશે નહીં

## આવકવેરાના કર-માળખામાં મહત્વના સુધારા કરાયાં

● આવકવેરાની મુક્તિ મર્યાદા ૨,૫૦,૦૦૦ થી વધારીને ૩ લાખ કરવામાં આવી છે.

● આવકવેરાની ગણતરી માટે અસરકારક દર
ઉ લાખ સુધી NiL
૩ લાખ થી ૬ લાખ - ૫ ટકા
૬ લાખથી ૯ લાખ - ૧૦ ટકા
૯ લાખથી ૧૨ લાખ - ૧૫ ટકા
૧૨ લાખથી ૧૫ લાખ - ૨૦ ટકા
૧૧ લાખથી વધુ - ૩૦ ટકા

(૧) EPFOની સંખ્યા બમણી થઈને ૨૭ કરોડ થઈ
(૨) એગ્રી સેક્ટરમાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે એગ્રીકલ્ચરલ એક્સીલરેટર ફંડ
(૩) આદીવાસી શાળામાં ૩૮૮૦૦ શિક્ષકો કાર્યરત થશે.
(૪) મૂડીખર્ચ રેલ્વે માટે ૨.૪૦ લાખ કરોડ
(૫) ૫૦ નવા એરપોર્ટ અને હેલીપોર્ટ બનાવાશે.
(૬) શહેરી ઈન્ફ્રા ફંડ માટે દર વર્ષે ૧૦,૦૦૦ કરોડ
(૭) ૧૦૦ ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા પ્રોજેક્ટ માટે ૭૫૦૦૦ કરોડ
(૮) કેવાયસીની પરીક્ષા સરળ બનાવાશે.
(૯) પાન કોમન બિઝનેસ આઈડેન્ટીફાયર હશે.
(૧૦) ડી જી લોકરનો વ્યાપ વધારવામાં આવશે.
(૧૧) એનર્જી ટ્રાન્સમીશન માટે ૩૫,૦૦ કરોડ
(૧૨) મહીલાઓ માટે ''મહીલા સન્માન બચત યોજના'' રૂ. ૨,૦૦,૦૦૦ - ૭.૫ ટકા
(૧૩) સીનીયર સીટીજન સેવીંગ્સ ૧૫ લાખથી વધારીને ૩૦ લાખ

### પ્રત્યક્ષ અને પરોક્ષ કર

(૧) સ્થાનિક ઉત્પાદન અને નિકાસને પ્રોત્સાહન
(૨) કેપિટલ ગુડ્જ અને લિથિયમ બેટરી પર ટેક્સ મુક્તિ
(૩) મોબાઈલ, કેમેરા, લેન્સ સસ્તા થશે
(૪) સોનું, ચાંદી અને હીરા, સિગારેટ, આયામી રબ્બર મોંઘા થશે
(૫) સરળ ફાઈલીંગ માટે નવું આઈ.ટી. રીટર્ન ફોર્મ
(૬) નાની અપીલોના નિકાલ મોટ ૧૦૦ જોઈન્ટ કમિશનરની નિમણુંક થશે.
(૭) ઈ.પી.ઈ.ઉપાડ પર ટીડીએસ ઘટાડો
(૮) કલમ ૫૪ અને ૫૪ એફ માં સુધારો કરવામાં આવશે.
(૯) નવી કર વ્યવસ્થામાં રિબેટ મર્યાદા વધારીને ૭ લાખ કરવામાં આવી.
(૧૦) નવી કર વ્યવસ્થામાં ઉંચા સરચાર્જ દરને ૩૭ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવાનો પ્રસ્તાવ
(૧૧) લીવ એન્કેશમેન્ટ મર્યાદા ૩,૦૦,૦૦૦થી વધીને ૨૫,૦૦,૦૦૦

- હરીશ ત્રિવેદી, ટેક્ષ એડવોકેટ

## નિર્મલા સિતારમણની લાલ સાડીનું મંદિર સાથે ખાસ કનેક્શન

નવી દિલ્હી, તા.૧

નિર્મલા સીતારમણે ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ દેશનું બજેટ સંસદમાં રજૂ કર્યુ, આ પ્રસંગે તેઓએ લાલ રંગની સાડી પહેરી હતી, જેનું એક મંદિર સાથે ખાસ કનેક્શન હતું. દિલ્હીમાં ફરીથી ઠંડીનું મોજુ હોવા છતા નિર્મલા સીતારમણે કોઈ સ્વેટર કે જેકેટ પહેર્યુ નહતું. નાણામંત્રી સીતારમણે આજે બજેટ રજૂ કરીને ઈતિહાસ રચ્યો છે, આ તેઓની પાંચમી યૂનિયન બજેટ સ્પીચ છે. ભારત દેશમાં સૌથી લાંબી બજેટ સ્પીચનો રેકોર્ડ પણ નિર્મલા સીતારમણના નામે છે, તેઓએ વર્ષ ૨૦૨૦ના બજેટની



રજૂઆત દરમિયાન સતત ૨.૪૨ કલાક લાંબી સ્પીચ આપી હતી. નાણામંત્રીએ લાલ રંગની સિલ્ડ મેડ સાડી પહેરી હતી, તેની સાથે તેઓએ ફૂટવેરમાં શૂઝ પૅર કર્યા હતા. આ સાડીની બોર્ડર પર ખાસ પ્રિન્ટ હતી, જેને ટેમ્પલ બોર્ડર પ્રિન્ટ કહેવામાં આવે છે.

બોર્ડર માટે જે આકારોનો ઉપયોગ કરવામાં આવે છે, તે દક્ષિણ ભારતના મંદિરોના આર્કિટેક્ચર પર આધારિત છે. આ જ કારણ છે કે તેને ટેમ્પલ બોર્ડર તરીકે ઓળખવામાં આવે છે. ટેમ્પલ બોર્ડરને કાંજીવરમ સાડી સાથે જોડવામાં આવે છે. જેમાં મોટાંભાગે લાલ, ગુલાબી, પીળા, બેંગની રંગના સિલ્ક ફેબ્રિકની સાથે કોન્ટ્રાસ્ટમાં યૂઝ કરવામાં આવે છે.

ગોપુરમ જેવા આર્કિટેક્ચર દક્ષિણ ભારતના દ્રવિડ મંદિરોની ઓળખ છે. આ આકારોને જ્યારે સાડી પર ઉકેરવામાં આવે છે, તો આ પેટર્નને લોકલ ભાષામાં પિલ્લયાર મોગૂ કહેવામાં આવે છે.

### રેલવે માટે અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ

# બજેટમાં રેલવે માટે કુલ ૨.૪ લાખ કરોડની ફાળવણી કરાઈ

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ મોદી સરકારના બીજા કાર્યકાળનું અંતિમ પૂર્ણ બજેટ રજુ કર્યું છે. આ બજેટમાં બધા સેક્ટર્સ માટે મોટી ઘોષણાઓ કરવામાં આવી હતી. આ ઘોષણાઓમાં રેલવે પણ સામેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા રેલવે મંત્રાલયને કુલ ૨.૪ લાખ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. રેલવેની નવી યોજનાઓ માટે ૭૫ હજાર કરોડના ફંડની જાહેરાત કરવામાં આવી છે. પ્રાઈવેટ સેક્ટર ની મદદથી ૧૦૦ નવા પ્રોજેક્ટ્સ શરુ કરવામાં આવશે. ગુજરાતના ૮ જીલ્લાઓ તથા દાદરા અને નગર હવેલીથી પસાર થતી સમાંતરની સાથે નિર્માણ પણ શરુ થઈ ગયું છે. વર્ષો સુધી અટકી રહેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે હાલમાં સ્પીડ પકડી છે, જેમાં મહારાષ્ટ્ર પણ સામેલ છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૭માં પૂર્ણ થઈ શકે છે. ચિનાબ નદી પર વિશ્વનું સૌથી ઊંચું સિંગલ-આર્ક બ્રિજ બનાવવામાં આવી રહ્યું છે. ચિનાબ નદી રલવે બ્રિજ ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલ લીંક પ્રોજેક્ટનું એક ભાગ છે. ૯.૨ કરોડ ડોલરના બજેટવાળું ૧.૩ કિલોમીટર લાંબુ આ પ્રોજેક્ટ કાશ્મીરને ભારતના અન્ય રાજયોથી રેલવે નેટવર્કના માધ્યમથી જોડશે. રેલવેના આ પ્રોજેક્ટ દ્વારા કાશ્મીર પહોંચવા માટે વધુ સરળ બની રહેશે. ચિનાબ નદીનું રેલવે બ્રિજ એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ભારત), વીએસેલ ઈન્ડિયા અને સાઉથ કોરિયાની અલ્ટ્રા કન્સ્ટ્રક્શન એન્ડ ઈન્જીનિયરીંગ કંપનીના સહયોગથી બનાવવામાં આવશે.

દિલ્લીથી મેરઠ વચ્ચે વર્ષ ૨૦૨૫માં ઝડપી ટ્રેનો શરુ કરવામાં આવશે. આ સંપૂર્ણ રેલવે કોરિડોરને ત્રણ તબક્કામાં પૂરું કરવામાં આવશે. પહેલા તબક્કાનું રેલવે રૂટ સાહિબાબાદથી દુહાઈ ડીપો વચ્ચે ૧૭ કિલોમીટર લાંબો છે. આ ભાગમાં રેપિડ રેલને માર્ચ ૨૦૨૩થી મુસાફરી માટે શરુ કરવામાં આવશે. આ ભાગમાં રેલવે ટ્રેક બનાવવાનું કામ પૂરું થઈ ચુક્યું છે. અહિયાં ઓવરહેડ ઈક્વિપમેન્ટ લાઈનના ઈન્સ્ટોલેશનનું કામ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં આ ટ્રેક પર દુહાઈ ડીપોથી સાહિબાબાદ વચ્ચે ટ્રેનો શરુ થઈ જશે. પૂર્વોત્તર રાજ્ય મિઝોરમને ભારતના અન્ય ભાગોથી જોડવા માટે બઈરબી-સાઈરંગ નવી રેલ લાઈન પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ભારતના પૂર્વ અને ઉત્તરના રાજ્યોમાં ખાસ કરીને મિઝોરમમાં સંચાર અને વાણિજ્યના ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત થશે. બૈરાગી-સૈરાંગ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ પૂર્વોત્તર ભારતમાં વધારે પડતા ૫૧.૩૮ કિલોમીટર રેલવે લાઈન બનાવવાનો છે. ભાલુકપોંગ-તવાંગ લાઈન પૂર્વોત્તરની મહત્વપૂર્ણ યોજનાઓમાંથી એક છે. આ યોજનાના માધ્યમથી ભારતીય સેનાની વ્યાપક જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે. જ્યાં ચીન અને ભારત વચ્ચે તણાવ વધેલો છે. આ લાઈનમાં કેટલીક સુરંગો હશે અને આ ૧૦,૦૦૦ ફૂટની ઉચાઈ પર બનાવવામાં આવશે.

## અંબાણી-અદાણી ફરી વિશ્વના ધનિકોની યાદીમાં ટોપ-૧૦માં

નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવી રહેલા બજેટ વચ્ચે શેરબજારમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ભારતના અબજોપતિઓની સંપત્તિમાં સતત વધઘટ થઈ રહી છે.

મળતી માહિતી અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક મુકેશ અંબાણી ૮૪.૩ બિલિયન ડોલરની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં નવમા ક્રમે છે, જ્યારે શોર્ટ સેલર હિન્ડેનબર્ગના આરોપોને કારણે ગૌતમ સમુહની નેટવર્થમાં મસમોટુ ધોવાણ જોવા મળ્યુ હતુ. જો કે,એફપીઓની સફળતા બાદ અદાણીની કંપનીઓના શ્વાસ ફરી સામાન્ય થતા ગૌતમ અદાણીની કુલ નેટવર્થ વધીને ૮૩.૯ અબજ ડોલર થઈ છે. આ સાથે મળીને તેઓ ૧૦માં સ્થાને પહોંચ્યા છે.

### કેન્દ્રીય બજેટની પ્રસંશા કરતા વડાપ્રધાન મોદી

# બજેટ દ્વારા દેશમાં પહેલીવાર અનેક શ્રેષ્ઠ યોજનાઓ આવી

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારામણ દ્વારા સંસદમાં રજુ કરાયેલા બજેટ-૨૦૨૩ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કરોડો વિશ્વકર્મા આ દેશના નિર્માતા છે. શિલ્પકારો, કારીગરો, બધા જ દેશ માટે સખત મહેનત કરી રહ્યા છે. આ બજેટ દ્વારા દેશમાં પહેલીવાર અનેક શ્રેષ્ઠ યોજનાઓ આવી છે. આવા લોકો માટે ટેકનોલોજી, ક્રેડિટ અને માર્કેટની યોજના બનાવાઈ છે. પીએમ વિશ્વકર્મા યોજના એટલે કે વિકાસ આ વિશ્વકર્માઓ માટે મોટો બદલાવ લાવશે. તેમણે વધુમાં કહ્યું કે, ગામડાઓમાં રહેનારી મહિલાઓથી લઈને શહેરી મહિલાઓ માટે સરકારે ઘણા પગલાઓ ઉઠાવ્યા છે. આવા અનેક પગલાઓને સંપૂર્ણ તાકાત સાથે આગળ વધારવામાં આવશે. ઉપરાંત મહિલાઓના સ્વ-સહાય જૂથે ભારતમાં મોટું સ્થાન મેળવી આગળ આવી રહી છે. આ જૂથોને વધુ મજબુત કરવા માટે બજેટમાં નવી પહેલ કરવામાં આવી છે. મહિલાઓ માટે એક વિશેષ બજેટ યોજના પણ શરૂ કરવામાં આવી રી છે. જનધન એકાઉન્ટ બાદ આ વિશેષ બચત યોજના મધ્યમ પરિવારની માતાઓને મોટો ફાયદો કરાવશે.

વડાપ્રધાને કહ્યું કે, ભારત સરકારે સૌથી મોટી ખાદ્ય સંગ્રહ યોજના બનાવી છે. સૌથી મોટી સ્ટોરેજ ક્ષમતા માટે. હવે આપણે કૃષિ ક્ષેત્રમાં ડિજીટલ પેમેન્ટને સફળતા બનવવાનું છે, જે માટે અમે આ બજેટમાં ડિજીટલ એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મોટી યોજના લઈને આવ્યા છીએ.

તેમણે વધુમાં કહ્યું કે, અમે મિલેટ્સ માટે પણ મોટી યોજના લઈને આવ્યા છીએ. જ્યારે આ ઘર-ઘર સુધી પહોંચી રહ્યું છે, વિશ્વભરમાં પ્રખ્યાત થઈ રહ્યું છે. સૌથી વધુ ફાયદો ભારતના ખેડૂતોને થવાનો છે, તેથી આ માટે શ્રીઅન્નની મોટી યોજના લવાઈ છે. આ યોજનાથી ખેતી સાથે સંકળાયેલા આપણા આદિવાસી ભાઈ-બહેનોને ફાયદો તશે અને દેશને આ ક્ષેત્રમાં પ્રોત્સાહન મળશે.

તેમણે કહ્યું કે, બજેટમાં અમે ટેકનોલોજી અને ન્યૂ ઈકોનોમી પર ખુબ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ડિજિટલ ઈન્ડિયા આજે રેલ, મેટ્રો, જળમાર્ગો વગેરે જેવી જગ્યા પર છે. ૨૦૧૪ની સરખામણીએ આજના સમયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણમાં ૪૦૦ ટકાનો વધારો થયો છે. ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતમાં યુવાનોને રોકગારી આપશે અને એક મોટા વર્ગ માટે લાભદાયી હશે.

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે, અમૃત કાળનું આ પ્રથમ બજેટ વિકસીત ભારતના વિરાટ સંકલ્પને પૂર્ણ કરવા માટે એક મજબૂત આધારનું નિર્ણાણ કરશે. આ બજેટ વંચિતોને પ્રાધાન્ય આપશે. આ બજેટ આજના સમયના મહત્વકાંક્ષી સમાજ, ગામડાઓ, ગરીબો, ખેડૂતો, મધ્યમ વર્ગ તમામના સપનાઓને પૂરા કરશે.

વર્ષ ૨૦૧૪ની સરખામણીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ૪૦૦ ટકાની વૃદ્ધિ થઈ છે. આ વખતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રૂ.૧૦ લાખ કરોડનું અભૂતપૂર્વ રોકાણ થશે, જે યુવાનોને રોજગાર અને એક મોટી વસ્તી માટે આવકની તક ઉભી કરશે.

# બજેટ માત્ર શબ્દોની મારામારી છે, સામાન્ય લોકો માટે કંઈ નથી

### કેન્દ્રીય બજેટ પર વિરોધ પક્ષના નેતાઓના પ્રતિભાવ

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ મોદી સરકારના બીજા કાર્યકાળનું અંતિમ પૂર્ણ બજેટ રજુ કર્યું છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમનના ૨૦૨૩-૨૪ના બજેટને લઈને વિપક્ષોએ કેવો પ્રતિસાદ આપ્યો તેના પર એક નજર કરીએ. અખિલેશ યાદવે ટ્વીટ કરીને કહ્યુ કે, ભાજપે તેના બજેટનો દશકો પુરો કર્યો છે. જેમા તેમને પહેલા કાંઈ આપ્યુ નથી તો હવે શુ આપે. તેમણે કહ્યુ કે ભાજપાનું બજેટ મોઘવારી અને બેરોજગારી વધારવાવાળુ છે. ખેડૂતો, મજુરો, યુવાનો, મહિલા, નોકરીયાતો તેમજ વ્યાપારીઓ માટે આ કોઈ આશા નથી જોવા મળતી. માત્ર જોવા મળી છે તો નિરાશા. કારણ કે આ બજેટ માત્ર મોટા લોકો માટે લાભ આપવા માટે બન્યું છે.

ફિલ્મ અભિનેતા અને ટીએમસીના સાસંદ શત્રુધ્ન સિંહા કહ્યુ કે આ બજેટમાં સામાન્ય લોકો માટે કોઈ ખાસ નથી. આ માત્ર ચૂંટણીલક્ષી બજેટ છે. કોંગ્રેસમના સાસંદ કાર્તિ ચિદંબરમે કહ્યુ કે બજેટમાં એક મોટો હિસ્સો રાષ્ટ્રપતિના સંબોધન અને આર્થિક સર્વેશણના રિપોર્ટ અનુસાર ટેક્સમાં કોઈ પણ પ્રકારેની કાપ ન કરવા માટે સ્વાગત. લોકોના હાથમાં પૈસા આપવા અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે સૌથી સરળ માર્ગ છે.

જમ્મુ કાશ્મીરના પુર્વ મુખ્યમંત્રી ફારુક અબદુલ્લાએ બજેટ વિશે કહ્યુ કે બજેટમાં મધ્યમ વર્ગને મદદ આપવામાં આવી છે. દરેકને કાંઈકને કાંઈક તો આપ્યુ જ છે. દોઢ કલાક સુધી અમે બજેટ સાંભળ્યુ. હવે જ્યારે અમને મોકો મળશે ત્યારે અમે તેના પર વાત કરીશું.

બજેટ પર કોંગ્રેસના લોકસભાના નેતા અધીર ચૌધરીએ વાત કરતાં કહ્યુ કે આમા માત્ર શબ્દોની મારામારી છે બીજૂ કાઈ જ નથી. આ બજેટ આમ લોકો માટે નથી. આ પહેલુ એવુ બજેટ છે જેમા ખેડુતો માટે કોઈ જ લાભ નથી. તેમજ મજુરો માટે પણ કાંઈ જ નથી. બસપાના નેતા માયાવતીએ પોતાના ટ્વીટમાં લખ્યુ છે કે, દેશમાં પહેલા આવતા તે મુજબ છેલ્લા ૯ વર્ષથી કેન્દ્ર સરકારના બજેટ આવતા રહે છે. જેમાં જાહેરાત કરવામાં આવે છ, વાયદાઓ કરવામાં આવે છે, આશાઓ બતાવવામાં આવે છે. પરંતુ આ બધુ બેમાની છે કેમ કે ભારતનો મધ્યમ વર્ગના લોકો, ગરીબી, બેરોજગારી વગેરેના કારણે તે વધુ ગરીબ બની ગયો છે. આ ખરેખર દુખદ છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરાવાલે તેમના ટ્વીટ કરતાં કહ્યુ હતુ કે, આ બજેટમાં મોઘવારી સામે કોઈ રાહત આપતુ બજેટ નથી. આ બજેટથી તો ઉલ્ટાની મોઘવારી વધશે. તેમજ બેરોજગારી દુર કરવાની પણ કોઈ ખાસ યોજના નથી. શિક્ષણનું બજેટ ઘટાડીને ૨.૬૪ ટકાથી ઘટાડી ૨.૫ ટકા કરવુ એ ખુબ દુર્ભાગ્યપુર્ણ કહેવાય. આ સાથે સ્વાસ્થય અંગેનુ બજેટ ઘટાડીને ૨.૨ ટકાથી ૧.૯૮ ટકા કરવુ તે ખરેખર નુકશાન કારક છે.

કોંગેસ નેતા જયરામ રમેશે કહ્યુ કે, પાછલા સાત બજેટમાં કૃષિ, આરોગ્ય, શિક્ષણ, મનરેગા અને અનુસુચિત જાતિઓના કલ્યાણ માટે થોડી રાહતો આપવામાં આવતી હતી. આજે તેની હકીકતો આપણી સામે છે. વાસ્તવિક ખર્ચની તુલનાએ બજેટ કરતા ઘણુ ઓછુ છે. આ મોદીની હેડલાઈન મેનેજમેન્ટની ઓપીયુડી વ્યૂહરચના છે - વચનોથી વધારે અન્ડર ડિલિવર કહી શકાય.

### બેંકની ચૂંટણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુંટણીમાં હવે આગળ શુ થશે તે મામલે પણ નગરના અગ્રણીઓ અને વેપારીઓમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. નગરમાં કોર્પોરેશનની જેમ નાગરિક બેંકની ચુંટણી પણ સ્થાનિક અગ્રણીઓ માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહ્યો છે. ત્યારે લાંબા અરસા બાદ કાયદાકીય નિતી નિયમોને અનુલક્ષી બેંકની ચુંટણીનો મામલો ગરમાયો છે. આ સ્થિતિ વચ્ચે નાગરિક બેંકની ચુંટણીનો મુદ્દો નગરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. નાગરિક બેંકના સભાસદો ઉપરાંત નગરના અગ્રણીઓ વેપારીઓ અને સ્થાનિક રાજકીય વર્તુળમાં પણ બેંકની ચુંટણી ચર્ચા મસાલેદાર બની છે.

### ઈ-કેવાયસી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈ.કેવાયસી કરાવવાથી દૂર રહે છે. જો કે તંત્રએ આ માટે કરેલા સઘન પ્રયાસો પણ એટલા જ સરાહનીય છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ માટે ૧,૧૭,૭૮૬ ખેડૂતો નોંધાયેલા છે. આ પૈકી ૧,૦૮,૪૨૯ ખેડૂતોના ઈ.કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આમ ૯૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

### આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાંથી સરખેજ તરફ જતા મુસાફરોની સંખ્યા પણ વિશેષ રહે છે. ત્યારે આ વિસ્તારના રહીશોને આ રૂટની બસ સેવા માટે રોજબરોજ વલખા મારવા પડે છે. જયારે બસમાં બેઠા બાદ પાસ અમાન્ય હોવાનુ ધ્યાને આવતા મુસાફરો તેમજ બસ કન્ડકટર વચ્ચે પણ શાબ્દિક સંઘર્ષ થાય છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં રોજબરોજ મુસાફરી કરતા અપડાઉનકર્તાઓએ પાસ યોજના અન્વયે ઈલેક્ટ્રીક બસમાં પણ સેવા ઉપલબ્ધ થાય તે માટે રજુઆત કરી છે. આ ઉપરાંત ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી બસોને અનુલક્ષી અભ્યાસ બાદ સમયને ધ્યાનમાં રાખી રૂટ ગોઠવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. સરખેજ રૂટમાં ટ્રાફિક વધતા મુસાફરોને પુરતી બસ સેવા મળી રહે તે માટે વધારાની બસો દોડાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

### અંદાજપત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોને મદદ મળશે. આગામી ત્રણ વર્ષમાં પ્રાકૃતિક ખેતી અપનાવનાર એક કરોડ ખેડૂતોને મદદ કરવામાં આવશે. ૧૦,૦૦૦ બાયો ઈનપુટ રિસોર્સ સેન્ટર ખોલવામાં આવશે.

નાણામંત્રીએ કહ્યું કે, આદિવાસી સમુહોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા માટે પીએમબીપીટીજી વિકાસ મિશન શરૂ કરવામાં આવશે. જેથી પીબીટીજી વસવાટોને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવી શકે. આગામી ૩ વર્ષમાં આ યોજના લાગુ કરવા માટે ૧૫૦૦૦ કરોડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાણાંમંત્રીએ કહ્યુ કે, આગામી ત્રણ વર્ષમાં સરકાર આદિવાસી વિદ્યાર્થીઓને સમર્થન આપતી ૭૪૦ એકલવ્ય મોડલ સ્કૂલો માટે ૩૮,૮૦૦ શિક્ષકો અને સહાયક કર્મચારીઓની નિમણૂક કરશે.

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામણે કહ્યું કે, એક લાખ પ્રાચીન પુરાલેખો (આર્કાઈવ્સ) નું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે.

નાણામંત્રી દ્વારા બજેટ અંતર્ગત ભારતીય મિલેટ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અંગે મોટી જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, ઈન્ડિયન મિલેટ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે સમર્થન આપવામાં આવશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે એવિએશન સેક્ટર માટે પણ મહત્વની જાહેરાત કરી છે. આ જાહેરાત હેઠળ હવાઈ કનેક્વિટિવી વધારવાની વાત નાણામંત્રીએ કહી છે. દેશમાં ૫૦ નવા એરપોર્ટ બનવાવાની જોગવાઈ કરાઈ છે.

નાણાંમંત્રી નિર્મલા સીતારામણે બજેટની ૭ પ્રાથમિકતાઓ જણાવી છે, એમાં ઈન્ફ્રા, ગ્રીન ગ્રોથ, ફાઈનાન્શિયલ સેક્ટર અને યૂથ પાવર સામેલ છે.

નિર્મલા સીતારમણે કહ્યું કે, રાજ્યોની સક્રિય ભાગીદારી, સરકારી અને જાહેર ભાગીદારી સાથે મિશન મોડ પર પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં આવશે. પશુપાલન, ડેરી, અને મત્સ્ય પાલન પર ધ્યાન આપવા ઉપરાંત કૃષિ દેવાના લક્ષ્યને વધારી ૨૦ લાખ કરોડ રૂપિયા કરવામાં આવશે.

નાણાંમંત્રી નિર્મલા સિતારમણે કહ્યું હતું કે, સરકારે કોરોના કાળમાં એવું નક્કી કર્યું હતું કે, કોઈ ભુખ્યુ ના સુવે, અમારા કાર્યકાળમાં ૪૭.૮ કરોડ જનધન ખાતા ખોલવામાં આવ્યાં છે. તે સિવાય ૧૪ કરોડથી વધુ ખેડૂતોને પીએમ કિસાન સમ્માન નીધિ હેઠળ મદદ આપવામાં આવી છે. કોરોના કાળમાં ૮૦ કરોડથી વધુ ગરીબોને ૨૮ મહિનાથી મફતમાં રાશન આપવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત હવે પ્રતિ વ્યક્તિની આવક વધીને ૧.૯૭ લાખ રૂપિયા થઈ ગઈ છે.

નાણા મંત્રી નિર્મલા સિતારમણે કહ્યું હતું કે, દેશમાં કૃષિ સાથે જોડાયેલા સ્ટાર્ટઅપને પ્રાથમિકતા આપવામાં આવશે. આ માટે યુવાન ઉદ્યમીઓ દ્વારા કૃષિ સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા માટે એગ્રિકલ્ચર એક્સિલેટર ફંડ તૈયાર કરવામાં આવશે.

### કોરોના મુક્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી લહેર દરમિયાન હિમાચલમાં લગભગ ૨ એક્ટિવ કેસ રહી ગયા હતા પરંતુ ત્યાંથી ફરીથી કોરોનાએ પોતાનો કહેર બતાવવાનું શરૂ કરી દીધુ અને એક દિવસમાં પાંચ હજારથી વધુ કેસ પણ રિપોર્ટ થયા હતા પરંતુ બાદમાં પરિસ્થિતિ કાબૂમાં આવી ગઈ હતી. હિમાચલ પ્રદેશમાં ઓક્સિજનની અછત થઈ નહોતી.

હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધી ૩,૧૨,૭૦૪ કેસ નોંધાયા છે. કાંગડા જિલ્લામાં સૌથી વધુ ૭૦,૭૦૫ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને ત્યાં કોરોનાએ ૧,૨૬૬ લોકોના જીવ ગુમાવ્યા છે. આ સિવાય મંડી જિલ્લામાં ૪૩,૦૬૫ સંક્રમિતમાંથી ૫૧૫ દર્દીઓના મોત નીપજ્યા છે. શિમલા જિલ્લામાં ૩૯,૯૯૧ કેસ અને ૭૨૮ના મોત, બિલાસપુરમાં ૨૦,૦૦૯ સંક્રમિત અને ૯૭ લોકોના મોત નીપજ્યા છે. ચંબા જિલ્લામાં ૧૮,૧૮૭ સંક્રમિત અને ૧૭૯ મૃત્યુ નોંધાયા છે. આ સિવાય હમીરપુરમાં ૨૫,૬૯૨ અને ૩૩૩ મોત, કિન્નોરમાં ૫,૧૧૯ સંક્રમિત અને ૪૧ મોત, કુલ્લૂમાં ૧૩,૩૫૧ સંક્રમિત અને ૧૬૪ મોત નીપજ્યા છે. સૌથી ઓછા લાહોલ સ્પીતિમાં ૩૫૦૮ કેસ અને ૧૮ મોત કોરોનાના કારણે થયા છે.